॥ શ્રી ઉમિયાયે નમઃ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



જ્ઞાતિ રીતરિવાજોને લગતા નિયમો

❀ મુખ્ય કાર્યાલય ❀

પાટીદાર વિદ્યાર્થી ભવન

નખત્રાણા, જી. કચ્છ - ૩૭૦ ૬૧૫.

ફોન : (૦૨૮૩૫) ૨૨૧૦૪૯ ● ફેક્સ : (૦૨૮૩૫) ૨૨૨૧૪૯

કિંમત રૂ. ૧૦/-

॥ શ્રી ઉમિયાયે નમઃ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



જ્ઞાતિ રીતરિવાજોને લગતા નિયમો

❀ મુખ્ય કાર્યાલય ❀

પાટીદાર વિદ્યાર્થી ભવન

નખત્રાણા, જી. કચ્છ - ૩૭૦ ૬૧૫.

ફોન : (૦૨૮૩૫) ૨૨૧૦૪૯ ● ફેક્સ : (૦૨૮૩૫) ૨૨૨૧૪૯

કિંમત રૂા. ૧૦/-

realpatidar.com

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - નખત્રાણા-કચ્છ

નિવેદન

વ્હાલા જ્ઞાતિજનો,

આપ સૌ જાણો છો તેમ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈ બહેનો કચ્છ, ગુજરાત તેમજ ભારત ભરના જુદા જુદા પ્રાંતોમાં ધંધાર્થે ગયેલ અને ત્યાંજ વસવાટ કરતા થયેલ. જુદા જુદા વિસ્તારોમાં વસવાટ કરતા જ્ઞાતિજનોમાં એકવાયતા, સંપ, સંગઠન જળવાઈ રહે તેના માટે આપણા વડીલોએ વિચાર મંથન કરતાં જેમાં સમાજમાં સમાજના ભાઈ-બહેનોના લગ્ન મરણ કે કોઈ પણ શુભ/અશુભ પ્રસંગોએ પાળવાના થતા રીતરિવાજના નિયમો બનાવવાનું જરૂરી જણાયેલ.

ઉપરોક્ત ઉદ્દેશોને પહોચી વળવા પ્રથમ તા. ૧૦-૦૫-૧૦૬૦ના જ્ઞાતિના પ્રથમ ઐતિહાસિક અધિવેશનમાં મુદ્દાવાર ચર્ચાઓ કરી ૧૭ ઠરાવો તૈયાર કરવામાં આવેલ જે અધિવેશનમાં હાજર સૌ જ્ઞાતિજનો વચ્ચે વંચાણમાં લઈ મંજુર કરવામાં આવેલ.

ત્યાર બાદ સમયોચિત આ ઠરાવોમાં સુધારા-વધારા કરવાની જરૂર જણાંતા તે મુજબ ક્રમસ મળેલ અધિવેશનો ૧૯૭૭, ૧૯૮૫ અને ૧૯૯૩ માં આ ૧૯ ઠરાવો સુધારા-વધારા સાથે પસાર કરવામાં આવેલ. ત્યાર બાદ તા. ૧૨-૦૮-૨૦૦૬ ના સમાજની સામાન્ય સભામાં જરૂરી સુધારા વધારા કરી ૧૯ ઠરાવો પસાર કરવામાં આવેલ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતા હોઈ તેની સુવર્ણ જયંતિ મહોત્સવ તા. ૯,૧૦,૧૧ મી મે ૨૦૧૦ નક્કી થયેલ તે સાથે તા. ૧૨ મી મે ૨૦૧૦ નું સમાજનું પંચમ અધિવેશન યોજવાનું નક્કી થયેલ જેમાં જ્ઞાતિના રીતરિવાજોમાં જરૂરી ફેરફાર કરવાનું સમયોચિત જરૂરી જણાતાં ભારતભરની સમાજોમાં મુસદો મોકલી આપેલ અને તેનું સંકલન કરી તા. ૦૮-૦૫-૨૦૧૦ના રોજ વિષય વિચારણી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલ જેમાં જરૂરી સુધારા-વધારા મુજબના ઠરાવો ૧ થી ૧૯ તા. ૧૨-૦૫-૨૦૧૦ના રોજ

મળેલ સમાજના પંચમ્ અધિવેશનમાં જ્ઞાતિજનોની વિરાટ સભામાં રજુ કરવામાં આવેલ તેને અનુમોદન આપવામાં આવેલ અને જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં આ ૧૯ ઠરાવો પસાર કરવામાં આવેલ જે ઠરાવોની બુક સ્વરૂપે આપ સૌ સમક્ષ મુક્તાં આનંદ અનુભવીએ છીએ.

દરેક સમાજના અગ્રણીઓ, મહીલા મંડળ અને યુવા સંઘના હોદ્દેદારોને વિનંતી કે આઠરાવો આજના સમયને અનુરૂપ જ્ઞાતિના દરેક વર્ગને સર્વને પોષાઈ શકે અને સમાજે બનાવેલ નિતિનીયમો અપનાવી શકે એ હેતુથી ધારાધોરણ તૈયાર કરવામાં આવેલ છે. જ્ઞાતિના રીતરિવાજો ઠરાવ ૧ થી ૧૭ છે જેનું પાલન કરવું જરૂરી છે. ઠરાવ ૧૮ એ બાહ્ય આચરણો અંગે અને ઠરાવ ૧૯ એ સામાજીક અને ધાર્મિક પ્રશ્નો અંગેના છે જેનું પાલન કરવું ખુબજ જરૂરી છે. તેનો પુરેપુરો અમલ થાય તેવા પ્રયત્નો કરશો. સમાજ તરફથી આપવામાં આવતી કાર્યવાહી દરેક જ્ઞાતિજનો નિષ્ઠાથી પાલન કરતાં આવેલ છે તેજ રીતે આ ધારાધોરણને અમલમાં લાવવા સમાજ પ્રત્યે પોતાની પવિત્ર ફરજ સમજી પુરતોસાથ અને સહકાર આપશો એજ અભ્યર્થના સાથે.

નખત્રાણા (કચ્છ)
તા.૦૧-૦૮-૨૦૧૦

રામજીભાઈ કરમશી નાકરાણી
પ્રમુખશ્રી

મોહનભાઈ શીવજી ધોળુ
મહામંત્રીશ્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

જ્ઞાતિના પંચમ્ અધિવેશનમાં પસાર થયેલ
જ્ઞાતિ રીતરિવાજોને લગતા નિયમો

ઠરાવ નં. ૧ જ્ઞાતિના રીતરિવાજોના ઠરાવો અંગે :

તા. ૩૦-૪-૧૯૯૩ના ચતુર્થ અધિવેશનમાં જ્ઞાતિ રીતરિવાજોના ઠરાવો પસાર કરેલ જેમાં ૧૩ વર્ષ બાદ તા. ૧૨-૮-૨૦૦૬ના મળેલ સમાજની વાર્ષિક સામાન્ય સભામાં સમયોચીત જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ. જે આજેતા. ૧૨-૫-૨૦૧૦ના રોજ સવારે ૯:૦૦ કલાકે મળેલ સમાજના પંચમ અધિવેશનમાં સમયોચીત જરૂરી સુધારા વધારા તેમજ નવા ઠરાવો કરવાની આથી જ્ઞાતિજનો મંજુરી આપે છે.

ઠરાવ નં. ૨ બોલામણા સંબંધે :

બાળકના જન્મ પછી બોલાવવાના પ્રસંગે બાળકની માતાના સગા ભાઈ-બહેનો તથા કાકાઈ ભાઈઓને જવાનુ રહેશે. અન્ય કોઈએ જવાનું નહિ. આવા પ્રસંગે એકટાણાથી વધુ રોકાવુ નહિ.

નોંધ : મર્યાદિત સંખ્યામાં જવું.

ઠરાવનં. ૩ પછેડો આપવા સંબંધે :

દીકરીનું પહેલું બાળક જન્મે ત્યારે તે નિમિતે પછેડો બન્ને પક્ષોની અનુકુળતા પ્રમાણે આપવો.

નોંધ : ઠરાવ નં. ૨ અને ૩ શક્ય હોય ત્યાં સુધી સાથે યોજવા.

ઠરાવનં. ૪ સગપણ કરવા સંબંધે :

(અ) બાળકોની તદ્દન નાની વયે સગપણ કરવા નહિ. સગપણ કરવા માટે વય મર્યાદા નીચે મુજબ રહેશે.

(૧) છોકરાની વય ઓછામાં ઓછી ૨૦ વર્ષ

(૨) છોકરીની વય ઓછામાં ઓછી ૧૭ વર્ષ

(બ) સગપણ કરતી વખતે દીકરાના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી.

(૧) સોપારી નંગ ૧.

(૨) ટોપરા અથવા નાળિયેર નંગ ૨ અને મિઠાઈ.

(૩) એક રૂપિયાનો સિક્કો શુભ શુકનનો / ઉમિયામાતાજીનો ચાંદીનો સિક્કો.

નોંધ : ઉપર જણાવેલ સિવાય પૈસાની કે બીજી કોઈ વસ્તુની લેતીદેતી કરવી નહિ.

(ક) બને ત્યાં સુધી સામે સામે સગપણ કરવા નહિ.

(ડ) સોપારી સગપણ થયા બાદ કોઈ પણ સંજોગોમાં થયેલ સગપણ ફોક કરવું જોઈએ નહિ.

ઠરાવ નં. ૫ સગાઈ (ટીલા) સંબંધે :

સગાઈ (ટીલા) સંબંધે દીકરાના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી.

(૧) કપડાની જોડી - ૧

(૨) ગોળ અથવા મિઠાઈ

(૩) શુભ શુકનના રૂપિયા ૧૦૧ આપવા

(૪) પગના સાંકળા જોડી ૧

(૫) નાકની સળી નંગ ૧

(૬) આ પ્રસંગે મર્યાદિત સંખ્યામાં જવું

(૭) એક ટાણાથી વધારે રોકાવું નહિ (અતિદૂરના સ્થળેથી આ પ્રસંગે આવનારે અનુકુળતા મુજબ વર્તવું)

નોંધ : ઠરાવ નં. ૪ અને ૫ શક્ય બને ત્યાં સુધી સાથે જ ગોઠવવા પરંતુ હસ્ત મેળાપના દિવસે કોઈપણ સંજોગોમાં ટીલાવિધી કરવી નહિ.

ઠરાવ નં. ૬ તહેવારના લાગા સંબંધે :

સગપણ થયા પછીના આવતા તહેવારના દીકરાના માવિત્રોએ લાગા (સપેશું) દિવાળી પ્રસંગે રૂા. ૧૦૦ તથા ત્યાર પછી હોળીના રૂા. ૫૦, જન્માષ્ટમી પ્રસંગે રૂા. ૫૦ મોકલવા.

ઠરાવ નં. ૭ લગ્ન લખવા તથા વધાવવા સંબંધે :

(૧) લગ્ન લખતી વખતે કન્યા પક્ષ લગ્નપત્રિકાના પુડામાં શુભ શુકન તરીકે રૂા. ૫૧ મૂકવા.

(૨) લગ્ન વધાવતી વખતે વરપક્ષે શુભ શુકન તરીકે રૂા. ૫૧ આપીને લગ્ન વધાવવું.

(૩) લગ્નપત્રિકા વધાવવા લઈ જવા માટે કન્યાપક્ષ તરફથી બે માણસોએ વરપક્ષના ઘરે જવું અને તેઓએ એક ટાણું રોકાવવું.

નોંધ : વધુ અંતરે હોય તો સંદેશા વ્યાવહારનો ઉપયોગ કરવો.

ઠરાવ નં. ૮ મામેરા સંબંધે :

(૧) મામેરામાં ભાણેજાને વાઘાના કપડા વિગેરે તેમજ બેનને તથા બનેવીને કપડાની જોડ આપવી. તે સિવાયના બાકીનાઓને પહેરામણી બદલ રૂા. ૧૦૧ રોકડા આપવા અને જમણ તેમજ દાગીના વગેરે બદલ મર્યાદિત રોકડ ગુપ્તપણે આપવી.

(૨) મામેરાની વળતરમાં ભાઈને શાલ અને ભાભીને સાડી તથા બ્લાઉઝ આપી શકાશે. અને મામેરું બેઠું ભરવું અને તેની જાહેરાત કરવી નહિ. મામેરા માં મર્યાદિત સંખ્યામા જવું.

નોંધ : મામાએ કન્યાને વાઘાના કપડામાં માત્ર પાનેતર બ્લાઉઝ અને ચણિયો જ આપવાનો રહેશે.

નોંધ : હાથ પગના અંગુઠા ધોવાની પ્રથા સદંતર બંધ કરવી.

ઠરાવ નં. ૯ લગ્ન (વિવાહ) સંબંધે :

(૧) વર અને અણવર સિવાય જાનમાં વધારેમાં વધારે ૧૫૦ માણસો જઈ શકશે. અને કન્યાપક્ષે જાનને એકટાણું જમાડવી.

નોંધ : બહુ દૂરથી આવનાર જાનને અનિવાર્ય સંજોગો સમયે અનુકુળતા મુજબ વ્યવસ્થા કરવી.

(૨) લગ્ન પ્રસંગે વરપક્ષે લાગા તરીકે નીચે મુજબ આપવામનું રહેશે.

(ક) પોખવાના રૂા. ૫૦

(ખ) પડલું ભરવું નહિ વરપક્ષ જાન લઈને કન્યા પક્ષને ત્યા કન્યા માટે ચુંદડી (ઘરચોળું) સાથે કપડાની જોડી કન્યાને આપવાના રહેશે. જે પહેરીને કન્યા લગ્નમંડપમાં આવશે.

(ગ) કાંકણની જોડી નંગ ૧.

(ઘ) મંગળસુત્ર ૧.

(૩) કન્યા પક્ષ તરફથી વરપક્ષને નીચે મુજબના લાગા આપવાના રહેશે.

(ક) જમાઈને રોકડા રૂા. ૨૫૦ અથવા કપડા

(ખ) વરના પિતાને રૂા. ૧૫૦ અથવા કપડા

(ગ) વરની માતાને રૂા. ૧૫૦ અથવા કપડા

(ઘ) વરના દાદાને રૂા. ૧૦૦ અથવા કપડા

(ચ) વરની દાદીને રૂા. ૧૦૦ અથવા કપડા

(છ) બાકીના કુટુંબીજનો (કાકા-કાકી, જેઠ-જેઠાણી દેર-દેરાણી, નણંદ વગેરે) દરેકને પહેરામણીના રૂા. ૧૦૦ આપવા.

(જ) હેલને બદલે રૂા. ૨૦૦ રોકડા આપવા.
લોણારીને રૂા. ૧૦૦ રોકડા આપવા.

(ઝ) કાંસાની થાળી નંગ ૧ અને વાટકો નંગ ૧.

(ટ) કન્યાદાનમાં પોતાની શક્તિ મુજબ રોકડું આપવું અને તેની જાહેરાત કરવી નહિ.

(૪) લગ્નવિધિ પૂરી થયા બાદ કન્યા વરના ઉતારે જાય ત્યારે નવવધુનો ખોળો ભરવામાં વરપક્ષ તરફથી મિઠાઈ આપવાની રહેશે.

(૫) નવદંપતિને વરપક્ષવાળા આશીર્વાદ આપી શકશે.

(૬) લગ્ન પ્રસંગે બન્ને પક્ષોએ ઈતરલાગા તરીકે નીચે મુજબ આપવાના રહેશે.

(ક) ઉમિયામાતાજીને ભેટ યથાશક્તિ મુજબ મોકલવી.

(ખ) શ્રી મંદિરે ધર્માદામાં યથાશક્તિ ભેટ આપવી.

(ગ) વરપક્ષ તેમજ કન્યાપક્ષે આ શુભ પ્રસંગ નિમિતે શિક્ષણભેટ કેન્દ્રીય સમાજને મોકલવી અને ગોળ કરવી નહિં.

નોંધ :

(૧) આ પ્રસંગમાં કોઈપણ જાતનો પ્રસાદ કે મુખવાસ વહેંચવાનો નહિ. તેમજ અનિચ્છનીય પ્રથા જેવી કે બારણું રોકવું, પગરખા છુપાવવા, ખોળામાંથી રૂપિયા ઉપાડવા જેવી પ્રથાઓ સદંતર બંધ કરવી.

(૨) નવદંપતિએ પ્રથમ દિવસે વર કન્યા દ્વારા સામસામે અપાતી ભેટ સોગાદ કોઈપણ સંજોગોમાં આપવી નહિ.

(૩) નવવધુને પિયરપક્ષ તરફથી મળેલ દાયજો બતાવવો નહિ.

(૪) કન્યાપક્ષવાળાએ વરપક્ષના અણવરોને કોઈપણ જાતની ભેટ આપવી નહિ.

ઠરાવ નં. ૧૦ સમુહલગ્ન સંબંધે :

(૧) આપણી જ્ઞાતિમાં સમુહલગ્નો દરવર્ષે અનુકુળતાએ થઈ શકશે.

(૨) કોઈપણ ગામ કે કુટુંબ સમુહલગ્ન (એકસાથે એક જ દિવસે લગ્ન) કરવા માગતા હોય તો કોઈપણ ગામમાં બન્નેપક્ષવાળાએ વાંધો લેવો નહિ. આ સમુહલગ્ન પ્રથાને જો કોઈપણ તોડવા પ્રયત્ન કરે તો તેને કુટુંબ તથા ગામ સમજાવે. અને જો ન સમજે તો તેને સહકાર આપવો નહિ.

(3) સમુહલગ્નનો હેતુ સમય, શક્તિ, નાણાનો બચાવ અને સંગઠન ભાવના વધે તેમાટે આયોજન કરવા માં આવે છે. જેથી સભ્યોએ સમુહલગ્નમાં જોડાઈ સહકાર આપવો.

ઠરાવ નં. ૧૧ આણા સંબંધે :

આણાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧૨ પુનઃલગ્ન સંબંધે :

(૧) કોઈપણ બહેન વિધવા બને અથવા જ્ઞાતિરીત મુજબ છુટાછેડા મેળવે તેનું પુન:લગ્ન થઈ શકશે.

(૨) આવા પુન:લગ્નનું સગપણ કરતી વખતે વરપક્ષ તરફથી રૂા. ૧૫૧ ફેરવવાના રહેશે. અને સગપણ નક્કી થયા બાદ તે રૂપિયા પ્રસાદી માટે આપવાના રહેશે.

(૩) આવા પુન:લગ્નમાં વર અને અણવર સિવાય વધારેમાં વધારે ૫૦ માણસોએ જવું અને એકટાણું જમવાનું રહેશે.

(૪) તદુપરાંત વરપક્ષે નીચે મુજબ કપડા તથા દાગીના આપવાના રહેશે.

(ક) કપડાની જોડી ૧ કન્યા માટે
(ખ) નાકની સળી હેમની નંગ ૧
(ગ) મઢેલું કંકણ નંગ ૧
(ઘ) પગના સાંકળા જોડ નંગ ૧
(ચ) મંગલસુત્ર આપવું
(છ) આ ઉપરાંત દાગીના કે રોકડ રકમ આપવી નહિ
(જ) પાછા પગના આણા સદંતર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧૩ છુટાછેડા સંબંધે :

(૧) એક વખત સમજી વિચારીને લગ્નગ્રંથિથી જોડાયા બાદ છુટાછેડા લઈ શકાશે નહિ. પરંતુ અનિવાર્ય સંજોગો ઉપસ્થિત થતાં પ્રશ્નોમાં કુટુંબો/સમાજો દ્વારા સમાધાનના પ્રયાસો સફળ ન નીવડે ત્યારે છુટાછેડા લઈ શકાશે.

(૨) સમાજના કોઈપણ ભાઈએ એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવી નહિ. કાનુનના ઓથે રહી ''રખાત'' નામનું કલંકીત દુષણ અપનાવી શકાશે નહિ. એવું નીદીત કાર્ય કરશે અથવા જે કોઈ સાથ સહકાર આપશે. તેઓ પણ સામાજીક ગુનાહને પાત્ર ગણાશે. આ કાર્ય કરનાર અને કરાવનાર પાસેથી સમાજ જરૂરી ખુલાસાઓ મેળવશે અને તે અંગે સમાજના નિયમની અવગણના કરનાર સાથે કોઈપણ સંગઠન કે સંસ્થાઓના સભ્યપદેથી દૂર કરવા જોઈએ. આવા દુષણો ન થાય તે માટે કુટુંબ, પાંખડી કે ગામની તકેદારી સમિતિના સભ્યો અને કાર્યકર્તાઓએ તકેદારી રાખવાની રહેશે.

ઠરાવ નં. ૧૪ મરણ પછીના ખર્ચ (દાડા) સંબંધે :

(૧) મરનાર વ્યક્તિની ધાર્મિક વિધિ બાદ બ્રાહ્મણો અને નિયાણીઓને જમાડવા પરંતુ તેરમું કરવું નહિ.

(૨) મરનાર વ્યક્તિ પાછળ તેના સ્મરણાર્થે કોઈ રકમ આપવા માગતા હોય તો તેઓને સમાજના કેળવણી ફંડ, હોસ્પિટલમાં ફંડ અથવા એવા સામાજીક ઉન્નતિના કાર્યોમાં તે રકમ આપવા આ સભા ખાસ ભલામણ કરે છે.

નોંધ: (૧) દૂરના સ્થળે રહેતા સંબંધીઓએ રૂબરૂ નહિ જતા સંદેશાવ્યવહારનો ઉપયોગ કરી શકાશે.

(૨) અત્યારના સમયે બેસણાની વિધી દિવસો શક્ય તેટલા ઘટાડી શકાશે.

(૩) મરણ બાદ અપાતી પાઘડી જેવી પ્રથાને સદંતર બંધ કરવી.

ઠરાવ નં. ૧૫ કુદરતી ઘરભંગ થાય તે સંબંધે :

(૧) દીકરીને સાસરાના ઘેર મોકલ્યા પછી મૃત્યુ પામે તો દીકરીને જીવીત સમય દરમિયાન આપેલ દાનની કોઈપણ વસ્તુ પાછી લેવી નહિ.

(૨) જમાઈનું મૃત્ય થાય તેવા પ્રસંગે દીકરીના માવિત્ર તે દીકરીને ત્યાંથી લઈ જવા માગતા હોય તો દીકરીના માવિત્રોએ આપલે દાગીના સિવાય બીજું કાંઈપણ પાછું લઈ જઈ શકાશે નહિ. પરંતુ તે દીકરીને બાળકો હોય અને તે દીકરીની સાથે આવતા હોય ત્યારે માવિત્રો તરફથી અપાયેલ દાગીના અને દાયજો તેમજ સાસરાપક્ષે આપેલ દાગીના સાથે પરત આપવાના રહેશે. અને ન લાવતા ત્યાં છોડી આવવાના હોય તો તેવા પ્રસંગે દીકરીના માવિત્રાએ દીકરીને આપલે દાગીના તથા અન્ય કોઈપણ વસ્તુ પાછી લઈ જઈ શકાશે નહિ.

નોંધ: જમાઈનું મૃત્યુ થાય ત્યારે દીકરીને તાત્કાલીક ઘર મૂકાવીને ઉઠાડી લેવાના બદલે તેના ભવિષ્યનો વિચાર કરવા બે માસનો સમય આપવો જોઈએ. અને દીકરીના અભિપ્રાય મુજબ આગળનો નિર્ણય લેવો જોઈએ.

ઠરાવ નં. ૧૬ શિક્ષણ સંબંધે :

(૧) આ સભા જ્ઞાતિજનોને ખાસ ભલામણ કરે છે કે આ પ્રગતિશીલ યુગને અનુસરીને સૌ પોતાના બાળકો (પુત્ર-પુત્રીઓ) ને ઉચ્ચ શિક્ષણ ફરજીયાત અપાવે. પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવાની દાગશ ધરાવનારને સમાજ અત્યંત ઉત્સાહ આપે છે અને તેની કદર કરે છે.

(૨) સમાજે શરૂ કરેલ શિક્ષણનિધી ફંડમાં ઉદાર હાથે ભેટ નોંધાવવી જેથી જરૂરિયાતમંદ પરિવારના સંતાનોને શિક્ષણનિધિ દ્વારા મદદ કરી શકાય.

(૩) દેશ-પરદેશમાં વસતા સમાજના ભાઈ બહેનોને પોતાના ઘરમાં માતૃભાષા ગુજરાતીનો ઉપયોગ કરવો જોઈએ તેવી આ સભા ભલામણ કરે છે.

ઠરાવ નં. ૧૭ લગ્ન વિધિ બાબત :

દરેક ગામ, કંપાઓ તેમજ અન્ય સ્થળોએ લગ્નવિધિ અંગેની બ્રાહ્મણોની પધ્ધતિ અલગ હોય છે. તેમાં અલગ અલગ પધ્ધતિના કારણે મનદુઃખ ન થાય તે માટે સમાજે વિવાહ સંસ્કારની પુસ્તિકા પ્રકાશિત કરેલ છે. તે મુજબ જ દરેક જગ્યાએ લગ્ન વિધિ કરવી જોઈએ તેવો સમાજ આગ્રહ રાખે છે.

નોંધ : (૧) સરકારશ્રીના નિયમો મુજબ લગ્ન નોંધણી ફરજીયાત હોવાથી રજીસ્ટ્રેશન ઓફિસે ફરજીયાત નોંધ કરાવવી.

(૨) બ્રાહ્મણ અને બન્ને પરિવારોની ઉપસ્થિતિમાં સાદાઈ/ફૂલહારથી થતા લગ્નો શાસ્ત્રોક્ત કરવા જોઈએ.

ઠરાવ નં. ૧૮ બાહ્ય આચરણો અંગે :

જ્ઞાતિમાં સંપૂર્ણ એકવાયકા જળવાય તે માટે કચ્છ-ગુજરાત અને ભારત તેમજ વિદેશોમાં વસતા આપણા સમાજમાં જ્ઞાતિજનોએ જન્મથી મરણોત્તર સુધીના સંસ્કારો સનાતન હિન્દુ રીતરિવાજો મુજબ પાળવાના રહેશે. મરણ પછી અગ્નિસંસ્કાર વિધિ કરવાની રહેશે.

ઠરાવ નં. ૧૯ સામાજીક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગે :

સમાજમાં ઉપસ્થિત થતા ધાર્મિક અને સામાજીક પ્રશ્નોનો સમાજ લેવલે નિરાકરણ લાવવા માટે અલગ પેટા નિયમો સાથેની કેન્દ્રીય સામાજીક ન્યાય સમિતિની નિમણૂંક કરવામાં આવેલ છે. તેથી સામાજીક તેમજ ધાર્મિક પ્રશ્નો બાબત સમાજમાં મતભેદ ઉભા થાય તેવા સંજોગોમાં તેનો નિકાલ સામાજીક ન્યાયસમિતિ દ્વારા કરવો. અને તે નિર્ણય અંતિમ રહેશે. કોર્ટ તેમજ પોલીસનો આશરો લેવો નહિ.

નોંધ: જ્ઞાતિજનોએ આ ઉપરોક્ત ૧૮ અને ૧૯ ઠરાવોનું અચૂક પાલન કરવાનું રહેશે. અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરે તેને કોઈએ સહકાર આપવો નહિં.

Kamal Printers • 079-26583322